ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
પ્રિ-વિતરણ/પોલીસી/૧૫
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૧૧/૧૦/૨૦૨૨

// પરિપત્ર //

**વિષયઃ-** **દહેજ અને સાયખા ઔદ્યોગિક વસાહત ખાતે કેમિકલ હેતુ માટે ફાળવણી કરવામાં આવનાર પ્લોટની નીતિ બાબત.**

**સંદર્ભઃ-** નિયામક મંડળશ્રીની સભાના ઠરાવ ક્રમાંકઃ ૩૭/પ્રિ-વિતરણ/૫૧૭, તા.૦૯/૦૯/૨૦૨૨.

અંકલેશ્વર રીજીયન હેઠળ આવેલ સાયખા તેમજ દહેજ ઔદ્યોગિક વસાહત ખાતે કેમિકલ ઝોન અને એન્જીનીયરીંગ ઝોન આવેલ છે. કેમિકલ ઝોનમાં ડાઇઝ પીગમેન્ટ, એપીઆઇ મેન્યુફેકચરીંગ, ટેક્ષટાઇલ તેમજ કેમિકલ વિગેરે પ્રકારની ઇન્ડસ્ટ્રીઝ માટે પ્લોટોનું આયોજન કરવામાં આવેલ છે જે મુજબ વર્તમાન સમયે કેમિકલ ઉદ્યોગો માટે માંગ ખૂબ વધુ જોવા મળેલ છે, જેમાં ઇન્ફ્રાસ્ટ્રકચરની ઉપયોગિતાની સાપેક્ષતા વિશેષ રહેલ છે તેમજ ભવિષ્યમાં કેમિકલ હેતુના પ્લોટો બાબતે ઇન્ફ્રાસ્ટ્રકચરના ઉપયોગની સંભાવના વધુ જણાઇ રહેલ છે. આ સંજોગોમાં બંને પ્રકારના ઉદ્યોગોની ફાળવણી અને કિંમત બાબતે પ્રમાણિત સમાનતા જળવાય તેમજ મિલકત નિભાવણી સંબંધે થનાર ખર્ચને ધ્યાને રાખી કેમિકલ ઝોનમાં આવેલ પ્લોટસની કિંમતમાં ફેરફાર કરવો જરૂરી જણાયેલ છે.

ઉપરોકત બાબત અન્વયે નિગમની ૫૧૭મી નિયામક મંડળની સભામાં રજૂ થયેલ કાર્યસૂચિ ક્રમાંકઃ૧૨/પ્રિ-વિતરણ/૫૧૭ અન્વયે થયેલ ઠરાવ ક્રમાંકઃ ૩૭/પ્રિ-વિતરણ/૫૧૭, તા.૦૯/૦૯/૨૦૨૨ મુજબ હવે દહેજ અને સાયખા ઔદ્યોગિક વસાહત ખાતે કેમિકલ હેતુ માટે ફાળવણી કરવામાં આવનાર પ્લોટો નીચે મુજબની શરતોને આધિન ફાળવવાના રહેશે. જે મુજબનું બાંહેધરીપત્રક અરજદારશ્રી પાસેથી મેળવવાનું રહેશે તેમજ ફાળવણીપત્રમાં શરતો આમેજ કરવાની રહેશે.

(૧) દહેજ તેમજ સાયખા ઔદ્યોગિક વસાહત ખાતે કેમિકલ પ્રકારના ઉદ્યોગો માટે ફાળવણી કિંમતમાં એડીશનલ પ્રીમિયમ પેટે ૨૦% નો વધારો કરવાનો રહેશે.

(૨) અરજદાર ધ્વારા કેમિકલ હેતુ માટે માંગણી કરેલ વિસ્તારની વસાહતની કિંમતમાં ૨૦% નો વધારો કરી આ વધારાની રકમ અરજી સમયે ડીપોઝીટ તરીકે એડવાન્સ વસુલ લેવાની રહેશે. આ રકમ માત્ર ડીડી અથવા ઓનલાઇન પેમેન્ટથી સ્વીકારવાની રહેશે. ડીડી સ્વરૂપે જમા કરેલ રકમ બીનચૂક નિગમના ખાતામાં જમા કરવાની રહેશે.

(૩) અરજદારની અરજી મંજૂર કરવામાં આવે તે સંજોગોમાં ઉકત ડીપોઝીટની રકમ તેની કુલ રકમ પેટેની કિંમત સામે સરભર કરવાની રહેશે.

(૪) ડીપોઝીટ સરભર કર્યા બાદ બાકી રહેતી રકમ માટે વર્તમાન નિયમિત પધ્ધતિ મુજબ ડાઉન પેમેન્ટ તેમજ હપ્તાની ગણત્રી કરવાની રહેશે.

(૫) ઉકત ફકરા નં. (૨) માં જણાવેલ લીઝ પ્રીમિયમ એ ફાળવણીદારની મૂડી રકમ તરીકે ગણત્રીમાં લેવાની રહેશે. પરંતુ ફાળવણીદર આધારિત ફી/ચાર્જીસ/પેનલ્ટી માટે ગણત્રીમાં લેવાની રહેશે નહીં.

(૬) જો અરજદારની અરજી નામંજૂર કરવામાં આવે તે કિસ્સામાં ઉકત ડીપોઝીટની રકમ અરજદારને રીફંડ કરવાની રહેશે. અરજી મંજૂર કર્યા બાદ જો અરજદાર ધ્વારા અથવા નિગમના નિયમ અનુસાર પ્લોટ પરત કરવામાં/લેવામાં આવે તો નિગમની જે તે સમયની અમલી નીતિ મુજબ જ રીફંડની ગણત્રી કરવાની રહેશે.

(૭) મળેલ અરજીઓને સ્ક્રીનિંગ સમિતિ ધ્વારા અરજદાર ધ્વારા રજૂ કરવામાં આવેલ લે-આઉટ, અરજદાર ધ્વારા દર્શાવવામાં આવેલ અંદાજીત મૂડીરોકાણની સામે અરજદાર ધ્વારા રજૂ કરાયેલ દસ્તાવેજોના આધારે નાણાંકીય સધ્ધરતા, પાણીની જરૂરિયાત, એફલ્યુઅન્ટ/સોલીડ વેસ્ટ ડીસ્ચાર્જ માટેની પધ્ધતિ, અંદાજીત રોજગારી જેવા પરિબળોને ધ્યાને લઇ અરજીની ચકાસણી કરવામાં આવે છે. આથી મળેલ અરજીઓમાં અરજદાર ધ્વારા દર્શાવવામાં આવતાં મૂડીરોકાણ સામે જો અરજદાર ધ્વારા વિદેશી મૂડીરોકાણ દર્શાવવામાં આવે તો તેને પ્રાથમિકતા આપવાની રહેશે. વધુમાં, જે અરજદારો ધ્વારા પીએલઆઇ સ્કીમ હેઠળ, ઇમ્પોર્ટ સબસ્ટીટયુશન અને અક્ષપોર્ટ કરતા હોય તેને પ્રાથમિકતા આપવાની રહેશે.

(૮) સદર વસાહતોમાં કેમિકલ હેતુ માટે ફાળવણી કરવામાં આવનાર ઓપન પ્લોટ મોરેટોરીયમ પીરીયડ દરમ્યાન તબદીલ કરી શકાશે નહીં.

(૯) ફાળવણી કરેલ પ્લોટનો વપરાશ કર્યા બાદ જ (મોરેટોરીયમ પીરીયડ બાદ) તબદીલ કરી શકાશે.

(૧૦) જે કિસ્સાઓમાં ફાળવણી કરવાનો નિર્ણય થાય તેવા કિસ્સાઓમાં જરૂરી દસ્તાવેજો ફાળવણીપત્રની તારીખથી દિન-૬૦ માં રજૂ કરવાના રહેશે જેનો ઉલ્લેખ ફાળવણીપત્રમાં કરવાનો રહેશે. જો સમયમર્યાદામાં જરૂરી દસ્તાવેજો રજૂ ન થાય તેવા કિસ્સાઓમાં ફાળવણી રદ કરવાની રહેશે તેમજ આવા કિસ્સાઓમાં કોઇ પણ પ્રકારે સમયમર્યાદા વધારી આપવાની રહેશે નહીં.

(૧૧) ફાળવણી કરેલ પ્લોટ નિગમના નીતિ નિયમ અનુસાર મોરેટોરીયમમાં જો વપરાશ કરવામાં ન આવે તો નિગમ ધ્વારા સદર પ્લોટ પરત લેવાનો રહેશે.

(૧૨) ફાળવેલ પ્લોટ પેટા ભાડે આપી શકાશે નહીં. જો નિગમને આ બાબતની જાણ થશે તો સદર પ્લોટ નિગમ ધ્વારા પરત લેવાનો રહેશે.

(૧૩) ફાળવણી કરેલ પ્લોટ મોરેટોરીયમ પીરીયડ દરમ્યાન એકત્રિકરણ/પેટા વિભાજીત કરી શકશે નહીં.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવાનો રહેશે.

સહી/-

**(એમ. થેન્નારસન)**

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**<u>નકલ જયભારત સહ રવાના:-</u>**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.

(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું

મેનેજર (મહેકમ)

જીઆઇડીસી, ગાંધીનગર